ચાલતા યંત્રે

શહેરના પોપટપરા, રેલનગર, જંકશન વિસ્તારમાં બપોરે ૪.૩૦ વાગ્યે જોરદાર વરસાદ

રાજકોટઃ ગોંડલ-રાજકોટ હાઇ-વે પટ્ટી ઉપર ધોધમાર વરસાદ શરૂ થયો છે અને આ વરસાદ ભુણાવામાં વધુ હોવાનું જાણવા મળ્યું છેઃ જેતપુરમાં ૪.૩૦ વાગ્યે ગાજવીજ સાથે દે ધનાધન વરસાદ

માંગરોળમાં ૫ ઇંચ વરસાદ

(પ્રવિણ સોલંકી દ્વારા) માંગરોળ તા. ૩; શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આજે સવારનાં ૮ વાગ્યાથી વરસાદ શરૂ થયો હતો જે બપોરનાં ૨-૩૦ વાગ્યા સુધીમાં ૪ ઈંચ જેટલો પડી ગયો હતો. જયારે આ વરસાદ ચાલુ રહેતા સાંજનાં ૩-૩૦ વાગ્યા સુધીમાં વધુ એક ઈંચ વરસાદ પડયો છે. (૪.૩૬)

મુંબઇમાં વરસાદ શરૂ

મહાનગરી મુંબઇમાં આજે સવારથી વરસાદ શરૂ થયો છેઃ વિક્રોલી-કાંદીવલી-બોરીવલી સહિતના વિસ્તારોમાં ટનાટન વરસાદઃ લોકો ખુશીથી ઝૂમી ઉઠયા

શહેરના ૧૫૦ ફુટ રીંગરોડ, અમીન માર્ગ પર મેઘરાજા મન મુકીને વરસ્યાઃ બાકીના વિસ્તારો કોરા ધાકોડ!

રાજકોટઃ શહેરમાં આજે બપોર બાદ મેઘરાજાએ કેટલાક વિસ્તારોમાં મન મુક્યુ હતુ અને ધમધોકાર વરસ્યા હતા તો કેટલાક વિસ્તારોને કોરા ધાકોડ રાખી દીધા હતાં. ૧૫૦ ફુટ રૈયા રીંગ રોડથી મવડી ચોકડી સુધીના રોડ પર તેમજ અમીન માર્ગથી આગળના રોડ પર ધોધમાર વરસાદ વરસતા લોકો ખુશીથી ઝુમી ઉઠ્યા હતાં. રોડ પર પાણી ભરાયા હતા. તસ્વીરોમાં ભારે વરસાદની મોજ માણતા લોકો અને વાહનો અડધા ડુબી જાય તેટલા પાણી ભરેલા જોઈ શકાય છે. (તસ્વીરઃ સંદીપ બગથરીયા)

૧૨,૦૦૦ લીટરની ટાંકીમાં ૧૫૦૦ લીટરનું સ્પેશીયલ ચોર ખાનું બનાવ્યું'તુંઃ દૈનિક ૧૫૦૦ લીટર ડિઝલની ચોરી થતી'તી

IOCના ટેન્કરમાંથી ડિઝલ ચોરીનું જબરૂ કારસ્તાન પકડાયું

વાજડીની સીમમાં આર.આર.સેલનો દરોડોઃ રાજકોટના કોન્ટ્રાકટર મુકેશ ડાંગર સહિતના પાંચ શખ્સો પકડાયાઃ IOC ના કર્મચારીની સંડોવણી ખુલે તેવી વકી

રાજકોટ તા. ૩ : લોધીકાના વાજડી ગામની સીમમાં આજે બપોરે આર. આર. સેલએ દરોડો પાડી આઈ.ઓ.સી.ના ટેન્કરમાંથી ડિઝલ ચોરીનું જબરૂ કારસ્તાન પકડી પાડી રાજકોટના આહિર કોન્ટ્રાકટર સહિત પાંચ શખ્સોને ઝડપી લીધા હતા.

પ્રાપ્ય વિગતો મુજબ લોધીકાના વાજડી ગામની સીમમાં મહેન્દ્રસિંહ માધુજી ડાભીની વાડીમાં આઈ.ઓ.સી.ના ટેન્કરમાંથી ડિઝલ ચોરી થતી હોવાની રેન્જ ડી.આઈ.જી. મનોજ શશીધરને બાતમી મળતા તેઓના માર્ગદર્શન હેઠળ આર.આર.સેલના પી.એસ.આઈ. પી.જે. જાડેજા તથા સ્ટાફે ઉકત વાડીમાં રેઈડ કરી ટેન્કરમાંથી ડિઝલ ચોરી કરતા કોન્ટ્રાકટર મુકેશ કાનાભાઈ ડાંગર રે. નવલનગર રાજકોટ, ભાવેશ લક્ષ્મણ રાઠોડ રે.વાજડી, વાડી માલીક મહેન્દ્રસિંહ માધુજી ડાભી, રાજેશ ટપુ લાવડીયા રે. પરસાણાનગર તથા ટેન્કરના ડ્રાઈવર જયેશ બલરામ લશ્કરીને ઝડપી લીધા હતા.

ઘંલાઇટ
ગેસ ગીઝર
ધામી કોર્પોરેશન ફોઃ ૨૨૨૭૭૬૯
ઢેબર રોડ(પન-વે),જીવન કોર્મ.બેંક પાસે,રાજકોટ

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આ ડિઝલ ચોરી કૌભાંડનો મૂખ્ય સૂત્રધાર મુકેશભાઈ ડાંગર રે. નવલનગર રાજકોટ છે. તેનું આઈ.ઓ.સી.ના ડેપોમાં લોડીંગનો કોન્ટ્રાકટ છે. અને તેના શાળા રાજેશ ટપુ લાવડીયા રે. પરસાણાનગર રાજકોટનું ટેન્કર નં. જી.જે.૩ વી ૯૭૧૯ આઈ.ઓ.સી.ના ડેપોમાં ચાલે છે.

બંને શાળા-બનેવીએ આ ટેન્કરનું ઓરીઝનલ ટાંકી બદલાવી નાંખી તેની જગ્યાએ જુની ટાંકી ફિટ કરી હતી આ જુની ટાંકીમાં અંદર ૧૦૦૦થી ૧૫૦૦ લીટર ડિઝલ સમાઈ શકે તેવું સ્પેશીયલ ચોરખાનું બનાવ્યું હતું આ ટેન્કર આઈ.ઓ.સી.ના ડેપોમાં ભરવા જાય ત્યારે ચોરખાનામાં ૧૦૦૦થી ૧૫૦૦ લીટર ડિઝલ આવી જાય અને આ ટેન્કર જે પેટ્રોલ પંપ પર ખાલી કરવા જાય ત્યાં ટેન્કરમાં ચોરખાનામાં રહેલ ૧૦૦૦ થી ૧૫૦૦ લીટર ડિઝલનો જથ્થો એમને એમ પડયો રહ્યો હતો પેટ્રોલ પંપમાં ટેન્કર ખાલી કર્યા બાદ આ શખ્સો ચોરાઉ ડિઝલ ગમે તેને વેચી નાખતા હતા. આ ટેન્કર ડેઈલી વાંકાનેર આશિર્વાદ પેટ્રોલીયમમાં ડિઝલ આપવા જતુ હોવાનું પોલીસે જણાવ્યુ હતું.

આર.આર.સેલએ વાજડી ગામ મહેન્દ્રસિંહ ડાભીની વાડીમાંથી ચાર બેરલ, ૫ ટાંકી, ટેન્કરની બે ખાલી ટાંકી તથા ટેન્કર મળી કુલ રૂા. ૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ પાંચેય શખ્સોને લોધીકા પોલીસને હવાલે કરાયા હતા. કોન્ટ્રાકટર મુકેશ ડાંગર તથા તેનો શાળો રાજેશ ટપુ લાવડીયા આ ડિઝલ ચોરીમાં સામેલ ડ્રાઈવર જયેશ લશ્કરીને મહિને ૨૫,૦૦૦ રૂપિયા પગાર આપતા હતા અને દૈનિક આઈ.ઓ.સી.ના ટેન્કરમાંથી ૧૦૦૦ થી ૧૫૦૦ લીટર ડિઝલની ચોરી કરી ગમે તે ફાર્મ હાઉસમાં વેચી મારતા હતા આ ડિઝલ ચોરીના કૌભાંડમાં આઈ.ઓ.સી.ના અધિકારીઓ તથા કર્મચારીની પણ સંડોવણી ખુલે તેવી વકી છે.(૩.૩૩)

ખામોશ...શત્રુઘ્નસિંહાના પુત્ર અને પુત્રી પણ હવે આવી રહ્યા છે ફિલ્મના પરદે

બોલીવુડમાં હીરો-હીરોઈન બનવા કંઈ કેટલાય યુવક-યુવતિઓ સ્ટ્રગલ કરતા હોય છે. પણ અમુક નસીબદારને જ ડાયરેકટ ચાન્સ મળે છે. જુના અને જાણીતા હીરો કે હીરોઈનના સપુતો અને સુપુત્રીઓ સમયાંતરે ફિલ્મમાં આવતા જ રહે છે. હવે આપણા શત્રુઘ્નસિંહાના પુત્ર લવ સિંહા અને સુપુત્રી સોનાક્ષી પણ પોતાની એકટીંગ બતાવવા બોલીવુડમાં પ્રવેશ કરી રહ્યા છે. ભાજપ સાંસદ શત્રુઘ્નસિંહા કહે છે કે આમ તો પોતે પુત્રીને આ લાઈનમાં લાવવા નહોતા ઈચ્છતા પણ સલમાનખાનના પિતા સલીમખાન સાફ સુથરી ફિલ્મ બનાવતા હોઈ તેમાં પુત્રીને કામ કરવાની છુટ આપી છે. જ્યારે પુત્ર લવ સિંહા 'સદીયાં' નામની ફિલ્મ થકી કેરીયર શરૂ કરી રહ્યો છે. જેમાં ઋષી કપુર, હેમામાલિની અને રેખા પણ છે. રાજ કંવરની આ ફિલ્મ ટુંક સમયમાં જ રિલીઝ થશે.

ટીવી & ટોકીઝ

ફિલ્મોથી દૂર સુદેશ બેરી જમાવટ કરી રહ્યો છે ટીવી સિરીયલોમાં

એક સમય હતો જ્યારે સુદેશ બેરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીજમાં નવા એંગ્રી યંગ મેન તરીકે જોવામાં આવી રહ્યો હતો. પણ થોડી ફિલ્મો કર્યા બાદ બોલીવુડમાં બહુ પગદંડો જામ્યો નહી. આથી સુદેશ બેરીએ ફિલ્મોમાં કામ કરવાનું જ છોડી દીધુ હતું. પણ હવે તેણે ટીવી સિરીયલ થકી કમબેક કર્યુ છે. ઝી ટીવીની 'અગલે જનમ મોહે બીટીયા હી કીજો' અને સહારા વનની 'માતા કી ચૌકી' સિરીયલમાં સુદેશને દમદાર રોલ મળ્યા છે. જેમાં તે ખુબ જામી રહ્યો છે. અગલે જનમ સિરીયલમાં લોહા સિંહનું પાત્ર તેના માટે જ બનાવાયુ હોય તેમ લાગે છે. આટલો લાંબો સમય બ્રેક લેવાનું કારણ પુછાતા તે કહે છે હું ફેમિલી બિઝનેશમાં જોડાઈ ગયો હતો, ત્યારે પણ મને ૨૦૦ ઓફર આવી હતી. પણ હું હમેંશા કાયબાની ચાલથી ચાલ્યો છું. હવે મારે ટીવી સિરીયલમાં કામ કરવું છે.

પોલીસ અધિકારી બનીને સલમાનખાન આચરશે ભ્રષ્ટાચાર

સલમાનખાને અત્યાર સુધી ફિલ્મોમાં એકઈમાનદાર પોલીસ અધિકારીનો રોલ ભજવ્યો છે. પણ હવે તે ભ્રષ્ટ પોલીસ અધિકારી તરીકે પરદા પર જોવા મળશે. અનુરાગ કશ્યપના ભાઈ અભિનવ કશ્યપની ફિલ્મમાં સલમાને આવો રોલ ભજવવાનું સ્વીકાર્યું છે. તે ઉત્તર પ્રદેશના પોલીસ જેવી ભાષા બોલશે અને નવા જ રૂપે દર્શકોને જોવા મળશે.

બોલીવુડમાં ગે મિત્રોની ફેશન

મારે પણ ઘણા ગે મિત્રો છેઃ બિપાશા

બોલિવુડમાં આજકાલ ગે મિત્રોની ફેશન જામી લાગે છે. સેલિના જેટલી ગે સમુદાયની જોરદાર તરફેણ કરી રહી છે. જે હોટ અભિનેત્રી બિપાશા બાસુએ પણ સ્વીકાર્યુ હતુ કે તેને ઘણા હોમોસેકસ્યુઅલ મિત્રો છે. બિપાશાએ કહ્યુ હતુ કે જન્મના લક્ષણોને અવગણવાથી બદલાતા નથી સેકસના અનુભવ દરેકની અંગત પસંદ હોય છે. તેથી અન્ય કોઈ વ્યકિત સારૂ શું અને ખરાબ શું એ નક્કી ન કરી શકે. હું માનુંછું હોમોસેકસ્યુઅલને જે સાચું લાગે તે કરે તેમાં આપણે વિરોધ ન કરવો જોઈએ. નોંધનીય છે કે બિપાશાનો બોયફ્રેન્ડ જોન અબ્રાહમ પણ સજાતીય સંબંધોની તરફેણ કરે છે તેણે ગે સંબંધો પરની ફિલ્મ દોસ્તાનામાં કામ પણ કર્યુ છે.(૧.૧૧)

રાખીનો સ્વયંવર...: બનાવટી તમાશો



મુંબઈ : એનડીટીવી ઈમેજીન ઉપર શરૂ થયેલ રાખી સાવંતનો સ્વયંવરમાં બનાવટી તમાશા સિવાય બીજુ કશું જ નથી. પ્રથમ એપિસોડમાં જ ખબર પડી ગઈ કે આ શો ભંગાર છે. આ શોમાં નાટકવેળા સિવાય કંઈ નથી તેવો દર્શકોમાંથી પ્રાથમિક સૂર ઉઠયો છે.

દર્શકોએ જણાવેલ કે, આ એપીસોડ સ્ક્રીપ્ટના આધારે બનાવાયો હોય જેમાં જરાપણ સહજતા લાગતી ન હતી. ૧૬ યુવકોએ રાખીને ખુશ કરવા જે શબ્દો બોલ્યા તે બિલકુલ બનાવટી લાગતા હતા. રાખી પણ યુવકોના વખાણ કરતી હતી તે પણ એકદમ બનાવટી લાગતું હતું. ૧૬ યુવકોમાંથી એક અભિષેક નામનો યુવાન તો રાખીનો જ જૂનો પ્રેમી નીકળ્યો. બાકીના ૧૫માંથી મોટાભાગના ઉદ્યોગો સાથે જોડાયેલા છે.

આ શો ડીસ્કવરી ચેનલવાળા બનાવત તો એક મોટી વૈજ્ઞાનિક શોધ ગણાઈ હોત. ૧૬ યુવકોએ રાખીને ઈમ્પ્રેશ કરવાની કોશિષ કરી. આ તમામ જાણે સ્કૂલમાં ચોપડીમાંથી પાઠ વાંચતા હોય તેવું લાગતું હતું. રાખી જાણે મજબૂર હોય તેમ તમામને ભાવ આપી રહી હતી.

આમ, રાખીનો આ શો કોઈ ઈમ્પ્રેશન જમાવી શકયો ન હોવાનું ચર્ચામાં છે. જો આ શો ચાલશે તો માત્ર અને માત્ર અશ્લિલતાના નામે. સ્વયંવરમાં દારૂ પણ પીવાતો હતો. એક યુવકે દારૂનો ગ્લાસ લાવી રાખીને આપ્યો હતો. જેથી આ શોને બનાવટી શો સિવાય બીજું કંઈ ન કહેવાય.(૨૧.૫)

૧૬ યુવકોમાંથી એક તો રાખીનો જૂનો પ્રેમી નિકળ્યો : સ્વયંવરમાં દારૂ પીવાતો 'તો : ડીસ્કવરી ચેનલવાળા આ શો બનાવત તો વૈજ્ઞાનિક શોધ ગણાઇ હોત : શો સફળ થશે તો માત્ર અને માત્ર અશ્લિલતાના નામે

મફત શિક્ષણને મુળભુત અધિકાર ગણાવતા ખરડાને કેબિનેટની મંજુરી

૬ થી ૧૪ વર્ષનાં બાળકોને મફત-ફરજીયાત શિક્ષણ

સંસદના બજેટ સત્રમાં જ ખરડો રજૂ કરાશે

માનવ સંસાધન વિકાસ મંત્રી કપિલ સિબ્બલની જાહેરાતઃ વર્તમાન સત્રમાં ખરડો આવશે

ખાનગી સ્કૂલોએ ૨૫ ટકા અનામત આપવુ જ પડશે

નબળા-પછાત વર્ગના વિદ્યાર્થીઓને ૨૫ ટકા બેઠક પર મફત પ્રવેશ આપવો પડશે

ચિદમ્બરમ ઉપર જોડુ ફેંકનાર પત્રકાર જરનૈલની નોકરી ગઇ

આંતરિક તપાસ બાદ અખબારે છુટો કર્યો

'ગે' લગ્નની છૂટ આપનાર નેધરલેન્ડ વિશ્વનો પ્રથમ દેશ

સજાતિય સંબંધોને માન્યતા આપતો ભારત ૧૨૭મો દેશઃ ૮૦ દેશોમાં હજુ અમાન્ય

દિલ્હી હાઇકોર્ટના ચૂકાદાને વિહિપ સુપ્રિમકોર્ટમાં પડકારશે

સરકાર સમલૈંગિકતાને સમર્થન આપવા કાયદો ઘડશે તો શેરીયુધ્ધ લડાશેઃ બાબા રામદેવની ચીમકી

નવી દિલ્હી તા.૩ : યોગગુરૂ બાબા રામદેવે સમલૈંગિક સંબંધોને અપરાધની શ્રેણીમાંથી હટાવવાના નિર્ણયની ટીકા કરતા ચેતવણી આપી છે કે, જો સરકાર સમલૈંગિકતાને કાયદેસર કરવા માટે કાયદો બનાવવાનો પ્રયાસ કરશે તો તેનો વિરોધ કરવા શેરીઓમાં લડાઈ લડવામાં આવશે.

યોગગુરૂએ કહ્યુ છે કે, આપણા નીતિ નિર્ધારકોએ એ બાબતનું આત્મ ચિંતન કરવુ જોઈએ કે શું તેઓ એવુ ઈચ્છશે કે તેમના બાળકો ગે બને અને પરિવાર તથા વંશને ત્યાંજ અટકાવી દયે.

તેમણે કહ્યુ છે કે એ દુખની બાબત છે કે સરકાર આવા માનસિક રીતે બિમાર લોકોને રક્ષણ આપવા કાયદો બનાવવા ઈચ્છે છે.



જયારે આજે સૌથી વધુ જરૂર ત્રાસવાદીઓ, ભ્રષ્ટાચારીઓ, બળાત્કારીઓ અને ભેળસેળીયા તત્વોને મૃત્યુદંડ આપવાની છે.તેમણે કહ્યુ છે કે સરકાર જો કાયદો ઘડશે તો તેનો વિરોધ થશે. દરમ્યાન વિહિપએ જાહેરાત કરી છે કે તે દિલ્હી હાઈકોર્ટના ફેંસલાને સુપ્રિમકોર્ટમાં પડકારશે. વિહિપએ પણ આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો છે.(૮-૬)

ટ્રેનો - સ્ટેશનો ઉપર ઉત્તમ ભોજનની વ્યવસ્થાઃ મમતા

ક્ષેત્રીય વાનગીઓનો સમાવેશ થશે

રેલ મંત્રી મમતા બેનર્જીએ ટ્રેનો તથા સ્ટેશનો ઉપર ઉત્તમ ભોજન ઉપલબ્ધ થાય તથા સાફ સફાઈની બેહતર વ્યવસ્થા થાય તેવી વ્યાપક નીતિ વહેલી તકે ઘડવાની રેલ્વે બજેટમાં જાહેરાત કરી છે તેમણે જણાવ્યું હતું કે ઉત્તમ ગુણવતાનું ભોજન, પીવાનું પાણી તથા શૌચાલય સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવશે તથા ક્ષેત્રીય વાનગીઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.(૨-૩૦)

પેટ્રોલના ભાવ વધારાના વિરોધ પ્રદર્શનમાં ભાજપાએ કર્યો નિયમ ભંગઃ પોલીસનો ઉધડો લેતા જીલ્લા કલેકટર

કલેકટર કચેરીમાં પાંચને બદલે ૫૦ લોકોનું ટોળુ ચેમ્બરમાંઃ ભારે સુત્રોચ્ચાર

રાજકોટ તા.૩ : કેન્દ્ર સરકારે પેટ્રોલીયમ પેદાશોમાં કરેલી ભાવ વધારાનો વિરોધ કરવા ગયેલ શહેર ભાજપના હોદેદારો અને કાર્યકરોએ કલેકટર કચેરીમાં નિયમ ભંગ કરી ૪૦થી વધુ લોકોએ કલેકટરની ચેમ્બરમાં જ સુત્રોચ્ચાર કરતી આ મામલે જિલ્લા કલેકટરે પોલીસનો ઉધડો લઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે જોવા તાકીદ કરી હતી.

આજે શહેર ભાજપના હોદેદારો-કાર્યકરોએ પેટ્રોલીયમ પેદાશોના ભાવ વધારાના વિરોધમાં કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવવા આવ્યા હતા ત્યારે કલેકટર કચેરીની પ્રણાલી મુજબ માત્ર પાંચથી દસ વ્યકિતઓને કલેકટર સમક્ષ રજુઆત કરવાનો નિયમ તોડી ૪૦ થી ૫૦ લોકોનું ટોળુ ચેમ્બરમાં ઘુસી ગયુ હતુ અને અધુરામાં પુરૂ રજુઆત કરવા આવેલા લોકોએ ચેમ્બરમાં સુત્રોચ્ચાર કર્યા હતા. જેને પગલે જિલ્લા કલેકટરે ફરજ પરના પોલીસ અધિકારીઓને બોલાવી કલેકટર કચેરી આસપાસ કલમ-૧૪૪નું જાહેરનામું અમલી હોવાનું યાદ કરાવી આગળ જતા આવી ભુલ ન થાય તે જોવા તાકીદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભાજપના કાર્યકરો હોદેદારો રજુઆત કરવા આવ્યા ત્યારે બે ચાર પોલીસ કર્મીને બાદ કરતા અન્ય સ્ટાફ પણ નહોતો બાદમાં હંગામો થતા તાબડતોબ પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ કલેકટર કચેરીએ દોડી આવ્યો હતો.(૮-૨૨)

શ્રીકૃષ્ણ ચિકિત્સાલયમાં આંખના ડોકટરોની સેવા

શ્રી કૃષ્ણ ચિકિત્સાલય (કનક રોડ, એસ.ટી. પાછળ) સંલગ્ન પાંધી સોઢા આઈ હોસ્પિટલમાં જાણીતા આઈ સર્જન ડો. પિયુષભાઈ ઉનડકટ દરરોજ સવારે ૯-૩૦ થી દર્દી હોય ત્યાં સુધી અને સાંજે ૪-૩૦ થી દર્દી હોય ત્યાં સુધી રાહત દરેક આંખની સંપૂર્ણ તપાસ તથા મોતિયો, ઝામર, વેલના ઓપરેશનનો તેમજ કોમ્પ્યુટર ઉપર નંબર કાઢી આપશે, તેમ સંસ્થાની યાદી જણાવે છે.(૬.૨૬)

હરેરામ હરે કૃષ્ણ ધૂન

આર્લીંદ્રાધીશ ધુનમંડળ દ્વારા હેરામ હરેકૃષ્ણની ધુન સ્વ. ચંપાબેન વૃજલાલ નદાણીને ત્યાં ૧૫ વિજય પ્લોટ કૃષ્ણ કૃપા ખાતે કાલે શનિવારે રાત્રે ૧૦ વાગ્યે રાખેલ છે.

સુંદરકાંડ પાઠ

રૂખડીયા હનુમાનજી મંદિર રેલ્વે જંકશન સ્ટેશનની પાછળ કાલે શનિવારે સાંજે ૫ થી ૭ સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.(૬.૨૬)

બજારો બપોરે ૪ના ટકોરે

વેસણ	૧૯૫૦-૨૦૫૦
ચણા	૨૦૦૦-૨૧૦૦
ચણાદાળ	૨૮૦૦-૩૦૦૦
કપાસીયા-ખોળ (છાલા) (૫૦ કિલો)	૬૩૦-૬૪૦
(૬૦ કિલો)	
૨૨ કેરેટ દાગીનાના ભાવ	૧૪૪૫૦
૨૨ કેરેટ દાગીના પરત ભાવ	૧૩૫૫૦
ચાંદી ચોરસા (૧ કિલો)	૨૧૫૫૦
ખાંડ	૨૪૫૦-૨૫૨૦
મુંબઈ તેલ	૬૦૫
સીંગતેલ લુઝ (૧૦કિ.ગ્રા.)	૬૦૦
પામોલીન તેલ ,, ,,	૩૬૮
કપાસિયા તેલ ,, ,,	૪૧૫
ટેકસપેઇડ	**સીંગતેલ**
સૌરાષ્ટ્ર સીંગતેલ	૯૭૫-૯૮૦
લેબલ ટીન	૧૦૦૦-૧૦૦૫
નવા ટીન	૧૦૨૫-૧૦૩૦
છુટક ૧ કિ.ગ્રા.	૬૬.૦૦
રીફા. કપાસીયા તેલ	૭૩૦-૭૪૦
વનસ્પતી ઘી	૬૧૦-૬૮૦